સાબરકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. સાબરડેરી, હિંમતનગર.

સબપોસ્ટ : બોરીયા, નેશનલ હાઇવે નં. ૮, હિંમતનગર, પીન- ૩૮૩૦૦૬

પીએસપી / એએચ / ૨૦૨૫-૨૬ તા. ૦૭.૦૩.૨૦૨૬

# પરિપત્ર નંબર - ૭૩



પ્રતિ,

ચેરમેનશ્રી/ સેક્રેટરીશ્રી,

મહાશયશ્રી,

આથી સંઘ સંયોજિત તમામ દૂધ મંડળીઓને જણાવવાનુંકે સંઘ સાથે સંકળાયેલ સાબરકાંઠા તેમજ અરવલ્લી જીલ્લાના પશુપાલકોના પશુઓની ગાભણ અવસ્થા વહેલામાં વહેલી તકે ( ૩૦ થી ૩૫ દિવસ સુધીમાં ) તપાસ કરવા માટે **પ્રેગ્નન્સી ટેસ્ટ કીટ**નો ઉપયોગ ખુબ જ આવશ્યક છે. **પ્રેગ્નન્સી ટેસ્ટ કીટ** એક અધ્યતન બ્લડ ટેસ્ટ કીટ છે, જે પશુઓમાં ગુદા દ્વારે હાથ નાખી તપાસ કરવાની તુલનામાં આ પધ્ધતિ સરળ, ઓછી તણાવકારક અને ગર્ભ માટે સુરક્ષિત છે. સમયસર ગર્ભ નિદાનથી પશુઓના ખુલ્લા દિવસો ઘટાડવામાં અને પશુપાલકોની આવક વધારવામાં મદદરૂપ છે. સંઘ દ્વારા દૂધ મંડળીઓની માંગણી મુજબ GCMMF VET RAL ૨૦૨૫-૨૭ માંથી **પ્રેગ્નન્સી ટેસ્ટ કીટ** ખરીદ કરી સંઘના સોસાયટી સ્ટોર મારફતે **નહિ નફો નહિ નુકસાનના ધોરણે** જીલ્લાની દૂધ મંડળીઓને વેચાણથી આપવાનું નક્કી કરેલ છે.

હાલમાં GCMMF RAL ૨૦૨૫-૨૭ માં ઉપલબ્ધ કંપનીની પ્રેગ્નન્સી ટેસ્ટ કીટ નીચે જણાવ્યા મુજબના ભાવે સંઘની દૂધ મંડળીઓને વેચાણથી આપવામાં આવશે. દૂધ મંડળીઓએ સાબર ઈ સેવામાં લગત સોસાયટી સ્ટોરમાં ઓર્ડર મૂકી મંગાવી શકાશે.

| અ.નં. | વિગત | યુનિટ દીઠ ભાવ રૂપિયા | GST | મંડળી/સભાસદ વેચાણ ભાવ રૂપિયા |
|---|---|---|---|---|
| ૧ | પ્રેગ્નન્સી ટેસ્ટ કીટ | ૧૪૭.૫૦ | ૭.૩૮ | **૧૫૪.૮૮** |

**પ્રેગ્નન્સી ટેસ્ટ કીટથી પશુની ગાભણ અવસ્થાની તપાસ સંઘના કૃત્રિમ બીજદાન કર્મચારી કે વેટરનરી ઓફિસર મારફતે કરાવવી હિતાવહ છે.**


**પ્રેગ્નન્સી ટેસ્ટ કીટથી પરીક્ષણ માટે યોગ્ય સમય :**

- **ગાય-ભેંસના કૃત્રિમ બીજદાન કે ગર્ભ પ્રત્યારોપણના ઓછામાં ઓછા ૩૫ દિવસ બાદ કોઈપણ સમયે ટેસ્ટ કરી શકાય.**
- **ગાય-ભેંસના વિયાણ બાદ ૯૦ દિવસ પૂર્ણ થયા પહેલા કીટનો ઉપયોગ કરવો નહિ.**

**પ્રેગ્નન્સી ટેસ્ટ કીટ ઉપયોગ કરવાની રીત :**

- **ગાય-ભેંસની કાનની નસ કે ગળાની નસમાંથી ૨-૩ મિલી તાજું લોહી એકત્ર કરવું.**
- **લોહી એકત્ર કર્યા બાદ જ કીટનું પાઉચ તોડવું. કીટના સેમ્પલ વેલમાં ૩ ટીપા લોહી નાખવું.**
- **ત્યારબાદ સેમ્પલ વેલમાં ૨ ટીપા ડાયલ્યુઅન્ટ નાખવું. જો લોહી વધારે ઘટ્ટ હોય તો ૧ ટીપું ડાયલ્યુઅન્ટ વધારે નાખવું.**
- **કીટને ટેસ્ટ કરતી વખતે હંમેશા સમતલ જગ્યા પર મુકવી. ૨૦ મિનીટ પછી પરિણામ જોવું.**

**પરિણામનું અર્થઘટન :**




- T > B - પશુ ગાભણ
- T = B - શંકાસ્પદ (૭ દિવસ બાદ ફરીથી ટેસ્ટ કરવો)
- T < B અથવા T લાઈન ગેર હાજર - ગાભણ નથી
- C લાઈન ન દેખાય - ટેસ્ટ અમાન્ય

**સદર પરિપત્ર વ્ય. કમિટિની મિટીંગમાં વંચાણે લઇ સભાસદોને માહિતગાર કરવા નોટિસબોર્ડ પર પ્રસિધ્ધ કરવા વિનંતી છે.**

**આભાર સહ...**

નકલ રવાના:

૧. ચેરમેનશ્રી તથા તમામ ડીરેક્ટરશ્રીઓ તરફ

૨. તમામ વિભાગીય વડાઓ તરફ

૩. ઇન્ચાર્જશ્રી તમામ શીતકેન્દ્ર/વેટરનરી/એમપીઓ તથા ફિલ્ડ સ્ટાફ તમામ

આપનો વિશ્વાસુ,

Sd/

(શ્રી સુભાષચંદ્ર વી પટેલ)

મેનેજીંગ ડીરેક્ટર,

સાબરડેરી, હિંમતનગર.